વડોદરા ખાતે "સંકલ્પભૂમિ સ્મારક" ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે તજજ્ઞ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૧/૨૦૨૨

વંચાણમાં લીધા:
(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૫/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૧/૫૭૦૮-૦૯

આમુખ:
ભારત સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના સંદર્ભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા બે નવા સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય કરેલ હતો. જેમાં "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરાનો સમાવેશ થયેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ દિવસ તા.૨૩/૦૯/૧૯૧૭ ને વર્ષ-૨૦૧૭ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે, જે અન્વયે "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે તજજ્ઞ સમિતીની રચના કરવા માટે વંચાણે લીધા ક્રમાંક-૧ થી નિયામકશ્રી(અ.જા.ક.) ગાંધીનગરના તા.૧૫/૧૧/૨૦૨૧ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:
પુખ્ત વિચારણાને અંતે, "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે નીચે મુજબની તજજ્ઞ સમિતીની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨. | માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ઉપાધ્યક્ષ |
| ૩. | નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડોદરા | સભ્ય સચિવશ્રી |

| | | |
|---|---|---|
| ૪. | કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વડોદરા | સભ્યશ્રી |
| ૫. | શ્રી હિરેન ગાંધી, આર્કિટેક્ટશ્રી, અમદાવાદ | સભ્યશ્રી |
| ૬. | ડૉ.કિશોરભાઈ મકવાણા, અમદાવાદ | સભ્યશ્રી |
| ૭. | ડૉ.મગનભાઈ પરમાર, વડોદરા | સભ્યશ્રી |
| ૮. | શ્રી જીવરાજ ચૌહાણ, વડોદરા | સભ્યશ્રી |

<u>સમિતિના કાર્ય અને ફરજો:</u>

(૧) આ સમિતિનું નામ "સંકલ્પભૂમિ સ્મારક ખાતે મ્યુઝિયમની કામગીરી માટેની માર્ગદર્શક સમિતિ" રહેશે.

(૨) આ સમિતિ દ્વારા "સંકલ્પભૂમિ સ્મારક" ખાતે મ્યુઝિયમની કામગીરી માટે ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવનને લગત બાબતો/વિષયો અંગે જરૂરી માર્ગદર્શન/ ભલામણો અને આધારભુત સ્વીકારવા કે તેનો અસ્વીકાર કરવા અંગે સરકારશ્રી તરફથી આખરી નિર્ણય કરવામાં આવશે.

(૩) "સંકલ્પભૂમિ સ્મારક" ખાતે મ્યુઝિયમની કામગીરી માટે માર્ગદર્શક સમિતિની મુદ્દત વધુમાં વધુ એક વર્ષ અથવા સરકારશ્રી દ્વારા સમિતિની પુનઃ રચના કરવામાં આવે તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે.

(૪) સદર સમિતિના કાર્યો માટે કોઈપણ પ્રકારનું માનદવેતન અથવા નાણાંકીય લાભ મળવાપાત્ર થશે નહી.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.ક) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)

- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- ડૉ.કિશોરભાઈ કરશનભાઇ મકવાણા, I-7, મધુરમ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
- પ્રો.ડૉ.મગનભાઈ પરમાર, ડીન, ઓએસડી ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, સિન્ડીકેટ મેમ્બર, મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
- ડૉ.જીવરાજ કાનજીભાઇ ચૌહાણ, ૬-નયના સોસાયટી, બરોડા ડેરી સામે, બજરંગ સુપર સ્ટોરની પાછળ, મકરપુરા રોડ, વડોદરા.-૩૯૦૦૦૯.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨.